ક્રમાંકઃ–ધ/માધ્ય/અનદ.૧/૨૦૧૯/૨૧૭૧૭–૭૫૧

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૩૦/૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ– ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના અધિવેશનની મંજુરી બાબત

સંદર્ભઃ–૧.શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૧૯૯/૭૪૧ (૩)/ગ, તા.૨/૭/૯૯
૨.મહામંત્રીશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના તા.૧૨/૭/૧૯ નો પત્ર

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના અધિવેશન ગુજરાત રાજયમાં યોજવાની આથી પરવાનગી આપવામાં આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨/૭/૯૯ ના ઠરાવના પરિશિષ્ટ–૨ ની આઈટમની કલમ–૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે અધિવેશન માટેના રૂા.૭૫૦/– (અંકે રૂપિયા સાતસો પચાસ પુરા) તથા અધિવેશનમાં હાજરી આપતા શિક્ષકોને નિયમ મુજબ ભથ્થાની ચુકવણી શાળાની ગ્રાન્ટમાંથી નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉકત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતરખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંઘના અધિવેશન માટેનું સ્થળ અને તારીખ સંઘની અનુકૂળતા પ્રમાણે નકકી કરવાનું રહેશે. પરંતુ આ અધિવેશન વધુમાં વધુ ૩(ત્રણ) દિવસથી વધુ ન હોવું જોઈએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

નોંધ પર માન.નિયામકશ્રીના આદેશથી.

સહી/–
(એચ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારું
– પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શિક્ષકસંઘ મહામંડળ
શિક્ષક ભવન ૩૦૧, રીલીફ શોપીંગ સેન્ટર, જી.પી.ઓ.પાસે, અમદાવાદ–૧

– શૈક્ષણિક અધિવેશનની તારીખ અને સ્થળ–
તારીખઃ૧૫/૧૨/૨૦૧૯ ને રવિવાર
–સ્થળ–
રાંમલીલા મેદાન, પથિક આશ્રમની સામે,
હોટલ હવેલીની સામે,
(આચાર્ય મહામંડળ "સારસ્વત" ભવનની સામે),
સેકટર–૧૧, ગાંધીનગર.

ક્રમાંકઃ– હિસાબી–૨/પરિપત્ર/૨૦૧૯/જ૫૨૭૯–૮૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૨૫/૧૦/૨૦૧૯

નકલ રવાના જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,તમામ બીન સરકારી માધ્ય./ઉચ્ચ.માધ્ય.શાળાઓ, બનાસકાંઠા જીલ્લો
નકલ રવાના :– પ્રમુખ/મહામંત્રીશ્રી,બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, ૮/૦ નવનિર્માણ વિદ્યા. વગદા,
તા.પાલનપુર

Scanned by CamScanner